# દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
## યુનિવર્સિટી કેમ્પસ, ઉધના મગદલ્લા રોડ,
## સુરત–૭

**ખાનગી** — **સિન્ડિકેટની સામાન્ય સભા**

**ફકત સભ્યોની જાણ માટે** — **તા. ૧૯–૬–૨૦૦૩**

### –: કાર્યવાહી :–

સિન્ડિકેટની સામાન્ય સભા ગુરુવાર, તા: ૧૯–૬–૨૦૦૩ ના રોજ બપોરે, ૧૨–૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના સમિતિખંડમાં મળી હતી. જેમાં સભ્યોની હાજરી નીચે મુજબ હતી

| | | |
|---|---|---|
| ૧. | શ્રી પ્રેમકુમાર શારદા (કુલપતિશ્રી) | હાજર |
| ૨. | –– ખાલી –– (ઉપ–કુલપતિશ્રી) | –– |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજ્યુકેશન અથવા તેમના પ્રતિનિધિ | ગેરહાજર |
| ૫. | ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસીસ એન્ડ મેડિકલ એજ્યુકેશન અથવા તેમન પ્રતિનિધિ | ગેરહાજર |
| ૬. | આ.ઘનશ્યામપ્રસાદ છોટુભાઈ સનાઢ્ય | હાજર |
| ૭. | આ.ડૉ.વિક્રમ બળવંતરાય દેસાઈ | હાજર |
| ૮. | ડૉ.કિશોરસિંહ વિજયસિંહ દેસાઈ | હાજર |
| ૯. | ડૉ.પંકજ કાંતીલાલ હીરાધર | હાજર |
| ૧૦. | શ્રી હોશંગ જહાંગીરજી મીરઝા | હાજર |
| ૧૧. | શ્રી હેમંતકુમાર જેઠાલાલ ટોપીવાલા | હાજર |
| ૧૨. | ડૉ.મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ | હાજર |
| ૧૩. | શ્રી નૈષધ ભૂપતભાઈ દેસાઈ | ગેરહાજર |
| ૧૪. | શ્રી દિપક ઈશ્વરલાલ આફ્રિકાવાલા | હાજર |

(૧) સિન્ડિકેટની તા.૨૧–૫–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી મજૂર કરવા બાબત.

**(સિન્ડિકેટ)**

:: સિન્ડિકેટની તા.૨૧–૫–૨૦૦૩ની સામાન્ય સભાની કાર્યવાહી યથાવત મંજૂર કરવામાં આવી હતી અને અધ્યક્ષશ્રીએ સહી કરી હતી.

(૨) ઈન્દુ હેલ્થ રિસર્ચ ફાઉન્ડેશન ટ્રસ્ટ, વડોદરા ધ્વારા વડોદરા મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર બી.એસસી. મેડિકલ ટેકનોલોજીનું નવું જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટીશ્રીએ તેમના તા.૨૩–૫–૨૦૦૩ ના પત્ર સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણ અરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: પ્રસ્તુત બાબત વિચારણામાંથી પાછી ખેંચી લેવામાં આવી હતી.

(૩) બારડોલીની માલીબા ફાર્મસી કોલેજમાં ફાર્મસી વિષયના આસિ. પ્રોફેસર તરીકે પસંદગી સમિતિએ ભલામણ કરેલ બે ઉમેદવારો પૈકી બંને ઉમેદવારો ૧૦ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે, પરંતુ પી.એચ.ડી પદવી ધરાવતા ન હોવાથી સમિતિએ તેઓ નોકરીમાં જોડાયા પછી ૪ વર્ષમાં પીએચ.ડી. કરે એ શરતે ભલામણ કરી છે. તો તે ગ્રાહ્ય રાખવા બંને ઉમેદવારોની કરેલ નિમણૂકની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, બારડોલી માલીબા ફાર્મસી કોલેજમાં ફાર્મસી વિષયના આસિ.પ્રોફેસર તરીકે પસંદગી સમિતિએ કરેલ ભલામણ જાહેરાત સાથે સુસંગત ન હોઈ, ગ્રાહ્ય રાખી શકાય એમ નથી.

(૪) વિશ્વવિદ્યાલય અનુદાન આયોગની "અન–એસાઈન્ડ ગ્રાન્ટસ" ની વિવિધ યોજનાઓ પૈકી ગૃપ–ડી હેઠળની માઈનોર રિસર્ચ પ્રોજેક્ટ અંગે કુલપતિશ્રીએ નીમેલ "રિસર્ચ એકેડમિક કમિટિ" ની તા.૧૯–૪–૨૦૦૩ ની સભાની ભલામણો પર વિચારણા કરવા બાબત. **(યુજીસી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે નીમેલ "રિસર્ચ એકેડમિક કમિટિ" ની તા.૧૮–૪–૨૦૦૩ ની સભાની ભલામણ સામેલ પરિશિષ્ટ મુજબની યથાવત મંજૂર કરવી અને તદ્અનુસાર ઘટતી કાર્યવાહી કરવી. **(પરિશિષ્ટ:ક)**

(૫) અનુસ્નાતક અભ્યાસક્રમોમાં બોલાવાતા વીઝીટીંગ ફેકલ્ટી/વીઝીટીગ ટીચર્સ માટે માનદવેતન નકકી કરવા બાબત સિન્ડિકેટના ઠરાવ (નં.૨૩ તા.૧૯–૧૨–૨૦૦૨) અન્વયે નીમેલી સમિતિની તા.૨૬–૨–૨૦૦૩ ની સભાની ભલામણ પર વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અનુસ્નાતક અભ્યાસક્રમોમાં બોલાવાતા વીઝીટીંગ ફેકલ્ટી/વીઝીટીંગ ટીચર્સ માટે માનદ વેતન અંગેની સમિતિની તા.૨૬–૨–૨૦૦૩ની

ભલામણ સામેલ પરિશિષ્ટ મુજબની (સુધાર્યા મુજબની) મંજૂર કરવી અને તદ્અનુસાર ઘટતી કાર્યવાહી કરવી. **(પરિશિષ્ટ:ખ)**

(૬) કાશ્મીરની પસ્થિતિનાં સંદર્ભમાં કાશ્મીરી માઈગ્રેન્ટ (વિદ્યાર્થી)ને શૈક્ષણિક લાભ (કન્શેશન) એકેડેમીક શેશન ૨૦૦૩–૨૦૦૪ માં આપવા સંદર્ભમાં ભારત સરકારના માનવ સંશોધન મંત્રાલયના માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ વિભગના જોઈન્ટ સેક્રેટરીશ્રી એસ.પી.ગૌરના તા.૧૩–૩–૨૦૦૩ના ડી.ઓ.નં.એફ. ૧૦–૧/૨૦૦૩ – ડેસ્ક (યુ) પર વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કાશ્મીરની પરિસ્થિતિના સંદર્ભમાં માઈગ્રેટ (વિદ્યાર્થી)ને ભારત સરકારના માનવ સંશોધન મંત્રાલયના તા.૧૩–૩–૨૦૦૩ ના ડી.ઓ. નં.એફ ૧૦–૧/ ૨૦૦૩ –ડેસ્ક(યુ) મુજબની છૂટછાટ ભલામણ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે સ્વીકારવી અને સરકારના સક્ષમ અધિકારીના પ્રમાણપત્રના આધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપવો.

(૭) એપ્રિલ ૨૦૦૨માં થવા કેન્દ્રમાં લેવાયેલ ટી.વાય.બી.આર.એસ.ની પરીક્ષામાં માસકોપીંગ (Mass Coping) અંગેના રિપોર્ટમાં પરીક્ષા આચાર સમિતિએ તેની તા.૨૬–૩–૨૦૦૩ ની સભામાં થવા કોલેજ ના પ્રા.રાઠવા પાસે પ્રસ્તુત બાબતમાં ખુલાસો મંગાવી સિન્ડિકેટમાં મુકવા ઠરાવેલ છે. પ્રા.રાઠવાનાં તા.૨૭–૫–૨૦૦૩ નાં પત્રથી મોકલેલ ખુલાસા અંગે વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૮) પરીક્ષા આચાર સમિતિની તા.૧૩–૫–૨૦૦૩ ની સભાની કાર્યવાહીની નોંધ તથા ભલામણો પર વિચારણા કરવા બાબત. **(પરીક્ષા)**

:: પરીક્ષા આચાર સમિતિની તા.૧૩–૫–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ/ભલામણો અંગેની વિચારણા દરમ્યાન સભ્યશ્રી હોશંગ મીરઝાએ નીચે મુજબનો 'પોઈન્ટ ઓફ ઓર્ડર' રજૂ કર્યો હતો:

પોઈન્ટ ઓફ ઓર્ડર:

તા.૧૩–૫–૨૦૦૩ની પરીક્ષા આચાર સમિતિની બાબત ક્રમાંક–૧ ના સંબંધકર્તા પક્ષકાર શ્રી પંચાસરા હતા છતા તેમને સંબંધકર્તા ફરિયાદ ની તપાસના સમયે દરેક તબકકે શ્રી પંચાસરા પરીક્ષા આચાર સમિતિની સભામાં ઉપસ્થિત રહયા હતા. જે પરીક્ષા આચાર સમિતિની સભાઓની મિનિટસમાં નોંધાયેલું છે. પરીક્ષા આચાર

સમિતિએ પેટા સમિતિ નીમી  તે સમયે પણ હાજર હતા અને પેટાસમિતિના અહેવાલ ઉપર પરીક્ષા આચાર સમિતિએ નિર્ણય લીધો ત્યારે પણ હાજર હતા. તેમજ આ પ્રકરણમાં અધ્યાપકોના નિવેદનો લેવાયા ત્યારે પણ શ્રી પંચાસરા હાજર હતા. અને સીનીયર અધ્યાપકોને તેમણે પરીક્ષામાં બજાવેલી નિષ્ઠાપૂર્વકની ફરજ બદલ તમે શું તોફાન કરેલુ એવા સવાલો પૂછાયા છે આમ સમગ્ર પ્રકરણની તપાસમાં સંબંધકર્તા પક્ષકાર શ્રી પંચાસરાની હાજરી એ કાયદાએ પ્રસ્થાપિત કરેલી પ્રણાલીકા વિરુધ્ધની થઈ હોવાથી તે રીતે તે દૂષિત હોવાથી રદ થવાને પાત્ર છે. અને આથી સિન્ડિકેટ તેના ઉપર નિર્ણય લઈ  શકે નહી

અધ્યક્ષશ્રીએ ઉપરોકત પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કર્યો હતો.

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, પરીક્ષા આચાર સમિતિની તા.૧૩–૫–૨૦૦૩ની સભાની કાર્યવાહીની નોંધ/ભલામણો સામેલ પરિશિષ્ટ મુજબની યથાવત મંજૂર કરવી. **(પરિશિષ્ટ:ગ)**

(૯) ટ્રસ્ટીશ્રી ડૉ.ચંપકલાલ ઝવેરચંદ શાહ પ્રિ.ડૉ કુસુમબેન સી.દેસાઈ એજ્યુકેશન ટ્રસ્ટ, સૂરત તરફથી બી.એસસી. પદવી પરીક્ષામાં રસાયણ શાસ્ત્ર વિષયમાં પ્રથમ પ્રયત્ને સૌથી વધુ ગુણ મેળવી સર્વ પ્રથમ આવનાર વિદ્યાર્થીને "પ્રિ.ડૉ.કુસુમબેન રામકૃષ્ણ દેસાઈ" ચંદ્રક એનાયત કરવા અંગે રૂ.૨૫૦૦૦/– (અંકે રૂ.પચ્ચીસ હજાર પૂરા) દાનની રકમ તથા તેઅંગેની શરતનો ખરડો મોકલેલ છે.

ઉપરોકત ચંદ્રક એનાયત કરવા અંગેની શરતોના ખરડાની નકલ બિડાણ તરીકે સામેલ છે. જે અંગે વિચારણા કરવા તથા ચંદ્રક એનાયત કરવા બાબત. **(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતની વિચારણા મુલતવી રાખવી.

(૧૦) યુનિવર્સિટીનાં વ્યાપાર અને ઉદ્યોગ સંચાલન વિભાગમાં નિમવામાં આવતા શિક્ષકોને લાયકાત ધોરણો AICTE Guidelines મુજબ લાગુ પાડવામાં આવે છે. હવ જયારે તે વિભાગનાં શિક્ષકોને સિનિયર સ્કેલ/સિલેકશન ગ્રેડ આપવાનાં પ્રસંગો ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં પણ AICTE Guidelines  નાં ધોરણો લાગું પાડવા કે UGC Guidelines 1998 નાં આ અંગે નિયત કરેલા ધોરણો લાગું પાડવા કે કેમ તે અંગે વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

સિનિયર સ્કેલ/સિલેકશન ગ્રેડ આપવા અંગે  AICTE Guidelines તથા UGC Guidelines ના ધોરણો નીચે મુજબ છે.

| AICTE Guidelines ના ધોરણો | UGC Guidelines ના ધોરણો |
|---|---|
| <u>**નિયમ 7.0(a):**</u><br><br>Minimum length of Service for eligibility to <u>move in to the grade of Lecturer (Senior Scale) would be four years for those with Ph.D.Five years for others with M.Phil/ME./M.Tech. and six years for others as a Lecturer,</u> and for eligibility to move into the grade of Lecturer (Selection Grade) Assistant Professor, the minimum length of Service as Lecturer (Senior Scale) shall be uniformly five years. | <u>**નિયમ 7.1.1:**</u><br><br>Minimum length of Service for eligibility to <u>move in to the grade of Lecturer (Senior Scale) would be four years for those with Ph.D., Five years for those with M.Phil. and six years for others at the Level of Lecturer,</u> and for eligibility to move into the grade of Lecturer (Selection Grade) Reader, the minimum length of Service as Lecturer (Senior Scale) shall be uniformly five years.<br><br><u>**નિયમ 7.8.0:**</u><br><br>If the number of years required in the feeder cadre are less than those stipulated in this Notification, thus entailing hardship to those who have completed more than the total number of years in their entire service for eligibility in the cadre, may be placed in the next higher cadre after adjusting the total number. |

૧. ઉપર યુ.જી.સી.ના નિયમ 7.8.0 માં નિર્દેશ કર્યા અનુસાર સિલેકશન ગ્રેડ આપતી વખતે જયાં Feeder cadre માં યુ.જી.સી. એ નિયત કરેલાં વર્ષો કરતા ઓછા હોય, પરંતુ જેમણે સિલેકશન ગ્રેડ માટે યુ.જી.સી.એ નકકી કરેલ વર્ષોમાં ગણતરી કરવાની મુશ્કેલી અનુભવાતી હોય તેવા કિસ્સામાં સમગ્ર નોકરીનાં કુલ વર્ષો adjustment કરી લાભ આપવાની જોગવાઈ કરે છે. જે AICTE Guidelines માં આવી જોગવાઈ નથી.

૨. આ અંગે તે વિભાગનાં પ્રોફેસર એન્ડ હેડ, ડૉ.સતેન્દ્રકુમારનો અભિપ્રાય મંગાવતા તેમણે નીચે મુજબ અભિપ્રાય વ્યકત કરેલ છે.

‘To the best of knowledge I understand that the university Departments are governed by the UGC Regulations and therefore, the UGC Regulations should be made applicable.’

૩. તાજેતરમાં તે વિભાગમાં તા.૧૯–૦૧–૧૯૯૮ ડૉ.મનીષા પાનવાલા લેકચરર તરીકે ફરજ બજાવી રહયા છે. તેમને સિલેકશન ગ્રેડમાં લાભ આપવાનો થતો હોય, તેમના કિસ્સામાં કયા ધોરણો અપનાવી લાભ આપવાનો પ્રસંગ ઉપસ્થિતિ થાય છે.

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત બાબતે ડૉ.સતેન્દ્રકુમારનો નીચે મુજબનો અભિપ્રાય સ્વીકારવો અને તદઅનુસાર અમલ કરવાનું રાખવું.

"The University Departments are governed by the UGC Regulations and therefore, the UGC Regulations should be made applicable."

(૧૧) યુસિક વિભાગ ધ્વારા "પોષ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન ઈન્સ્ટ્રુમેન્ટેશન" (PGDI) નો એક વર્ષનો સ્વનિર્ભર સાંજનો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૨ થી શરૂ કર્યો છે. જેની ૨૦ જગ્યાઓ મંજૂર કરી છે, જે વધારીને ૪૦ની કરવાના યુસિક વિભાગના વડાની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. **(યુસીક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુસિક વિભાગ ધ્વારા ચાલતા પોષ્ટ ગ્રેજ્યુએટ ડીપ્લોમાં ઈન ઈન્સ્ટ્રુમેન્ટેશન (PGDI)ના સ્વનિર્ભર અભ્યાસક્રમની હાલમાં ૨૦ જગ્યાઓ છે. તે વધારીને શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ૪૦ જગ્યાઓ કરવી.

**_લપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

(૧૨) એફ.વાય.બી.કોમસ/બી.બી.એ./બી.એસસી.માં પ્રવેશ અંગે યુનિવર્સિટી ધ્વારા કેન્દ્રિય પ્રવેશ પધ્ધતિ અપનાવી હોવાથી ઉપરોકત પ્રવેશપત્રોનું છાપકામ સમય મર્યાદામાં કરવાનું હોવાથી ધારાની કલમ ૧૧(૪) હેઠળ મંજૂરી આપવાના કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.

**(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાની નોંધ લેવી.

(૧૩) ગુજરાત સરકારના નાણાં વિભાગના ઠરાવ કમાંક: વીએલબી– ૧૦૨૦૦૨ ૧૮૦૬–ચ, તા.૧૮–૨–૦૩ અન્વયે, રાજય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાનાં માસિક દરમાં તા.૧–૧–૦૩ થી મૂળ પગારના ૫૫ ટકા (પંચાવન ટકા) પ્રમાણે ચૂકવાવનું નકકી કરેલ છે. જેનો લાભ યુનિ.ના કર્મચારીઓને પ્રસ્તુત ઠરાવની જોગવાઈઓ મુજબ આપવા અંગે વિચારણા કરવા બાબત. **(હિસાબી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત સરકારના નાણા વિભાગના ઠરાવ ક્રમાંક: વીએલબી– ૧૦૨૦૦૨–૧૮૦૬–ચ તા.૧૮–૨–૦૩ અન્વયે, રાજય સરકારે સરકારી કર્મચારીઓને ચૂકવવાપાત્ર મોંઘવારી ભથ્થાના માસિક દરમાં તા.૧–૧–૦૩ થી મૂળ પગારના ૫૫ ટકા પ્રમાણે ચૂકવવાનું નકકી કરેલ છે તે મુજબ યુનિવર્સિટીના કર્મચારીઓને પ્રસ્તુત ઠરાવની જોગવાઈ મુજબ તે આપવું.

(૧૪) ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ ટેકનોલોજી, ઉધનાના નિયમાકશ્રી અને પ્રાધ્યાપક ડૉ.પી.કે.દેસાઈને સદર સંસ્થાએ યુ.જી.સી. ની ગાઈડલાઈન ૧૯૯૮ અન્વયે ઠરાવ કરીને તેમની ૬૨ વર્ષની વય પછી વધારાનાં ત્રણ વર્ષ એટલે કે ૬૫ વર્ષની વય સુધી રી–એમ્પ્લોય કરી તેમની સેવાને લંબાવી હોવાથી તેઓશ્રી 'મેડિકલ ટકનોલોજી' વિષયની અભ્યાસસમિતિના હોદ્દાગત સભ્ય અને યુનિવર્સિટી ધારાની કલમ ૨૬(૪) અન્વયે ચેરમેન તરીકે (તા.૨૩–૫–૨૦૦૩ થી) ચૂંટાયેલા છે. પ્રસ્તુત નિમણૂકને મંજૂરી આપવા અંગે વિચારણા કરવા બાબત. **(શૈક્ષણિક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઈન્સ્ટિટયૂટ ઓફ મેડિકલ ટેકનોલોજી, ઉધનાના નિયામકશ્રી અને પ્રાધ્યાપક ડૉ.પી.કે.દેસાઈની નિમણૂક યુ.જી.સી. ના તા.૯–૩–૨૦૦૨ ના પરિપત્ર પહેલા થયેલ છે જેથી તેમની ચેરમેન તરીકેની નિમણૂકને મંજૂરી આપવી.

(૧૫) પરીક્ષા નિયામકશ્રીની આ સાથે સામેલ કાર્યાલય નોંધ પર વિચારણા કરવા બાબત.

**(પરીક્ષા)**

:: આથી બહુમતિએ ઠરાવવામાં આવે છે કે, પ્રસ્તુત બાબતે નીચે જણાવ્યા પ્રમાણે અમલ કરવાનું રાખવું:

૧. પ્રથમ વખતે સુધારીને આપવાના પ્રમાણપત્રો હાલના ફોરમેટ(નમૂના) માં ૩૩/૩૪ માં પદવીદાનના પ્રમાણપત્રો છાપનાર પ્રેસ પાસે તેજ ભાવે અને શરતે કુલપતિશ્રીની સહી કરી આપવા.

૨. ડુપ્લીકેટ પ્રમાણપત્રો પરીક્ષા વિભાગમાં જે તે સેમ્પલ મુજબ હાલના ફોરમેટમાં તૈયાર કરી દરેક વર્ષની માંગણી મુજબ જે તે વિદ્યાર્થીને એફીડેવીટ લઈ આપવા.

૩. ભૂતકાળના તમામ પ્રમાણપત્રોના નમૂનાઓના નાશ કરવો.

(નોંધ:– શ્રી હોશંગ મીરઝાએ નાસંમતિ દર્શાવી હતી.)

(૧૬) યુનિવર્સિટીનાં ફિઝિકસ વિભાગનાં પ્રો.એન્ડ હેડ, ડૉ.પી.એચ.ટેડલ, તા.૧૪–૬–૨૦૦૩ નાં રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા હોવાથી તેમની જગ્યાએ સ્ટટયૂટ ૨૯૩માં કરેલ જોગવાઈ મુજબ તે વિભાગના નિયમિત હેડ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત. **(વહીવટી)**

**Statute-293**

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full time teacher not below the rank of Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University

Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shell not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16(1)Class I (C)(I) and Section 19(1)(VI).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના ફિઝિકસ વિભાગના પ્રો.એન્ડ હેડ ડૉ.પી.એચ.ટેડલ તા.૧૪–૬–૨૦૦૩ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થયા હોવાથી તેમની જગ્યાએ સ્ટેટયૂટ ૨૯૩માં કરેલ જોગવાઈ અન્વયે, ડૉ.વી.એ.મંગોલીને તે વિભાગના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ તરીકે નિમણૂક કરવી.

(૧૭) યુનિવર્સિટીનાં DRIMSSS વિભાગના પ્રો.એન્ડ હેડ, ડૉ.વાય.એસ.પુરોહિત તા.૧૪–૬–૨૦૦૩નાં રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા હોવાથી તેમની જગ્યાએ સ્ટટયૂટ ૨૯૩માં કરેલ જોગવાઈ મુજબ તે વિભાગના નિયમિત હેડ તરીકે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.(**વહીવટી**)

**Statute-293**

There shall be a Head of the Department for each Department to be appointed by the Syndicate. The Syndicate shall appoint the senior most full time teacher not below the rank of Reader from amongst the staff of the Department to work as the Head of the Department. The whole time University Teacher appointed to act temporarily as the Head of University Department in the place of the permanent incumbent on leave shell not be considered to occupy the office under the designation of the Head of a University Department for the purpose of Section 16(1)Class I (C)(I) and Section 19(1)(VI).

Notwithstanding anything contained above the Senior most whole time University Teacher not below the rank of a Reader in the Department appointed as officiating Head of the Department in a permanent vacancy caused by the death, retirement, resignation or termination of services or such other reason shall be deemed to hold office for the purposes mentioned above.

:: આથી ઠરાવવામાં આવે છે કે, રીસર્ચ મેથોડોલોજી અને ઈન્ટર ડિસીપ્લીનરી સ્ટડીઝ ઈન સોસ્યલ સાયન્સીસ વિભાગના પ્રો.એન્ડ હેડ ડૉ.વાય.એસ.પુરોહિત તા.૧૪–૬–૨૦૦૩ ના રોજ વયમર્યાદાના કારણે નિવૃત થયા હોવાથી તેમની જગ્યાએ સ્ટેટયૂટ ૨૯૩માં કરેલી જોગવાઈ અન્વયે, ડૉ.ડી.જી.ઠાકોરને તે વિભાગના હેડ ઓફ ધી ડિપાર્ટમેન્ટ તરીકે નિમણૂક કરવી.

(૧૮) શ્રી મોહનલાલ હરકિસનદાસ કંસારા કેળવણી ટ્રસ્ટ, નવસારી દ્વારા સ્વનિર્ભર શ્રીમતી ભગવતીબેન મોહનલાલ કંસારા વુમેન'સ (મહિલા) કોલેજ ઓફ એજયુકેશન નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી નવું જોડાણ મેળવવા પ્રસ્તુત ટ્રસ્ટનાં નિયામકશ્રીએ તેમના તા.૨૮–૫–૨૦૦૩ નાં પત્રાંક:એમએચકેકેટી/બી.ઓડ./ ૧૦૮૪/૨૦૦૩ સાથે યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી.

૧. ડૉ.પી.કે.હીરાધર

૨. આ.શ્રી.જી.પી.સનાઢય

૩. આ.ડૉ.વિક્રમ દેસાઈ

૪. ડૉ.કે.વી.દેસાઈ

૫. ડૉ.શશીકાંત શાહ

(૧૯) ઝેડ.એફ.વાડિયા વિમેન્સ કોલેજ એન્ડ એન.કે.જહોટા કોલેજ ઓફ કોમર્સ, સુરતમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૦૪ થી ઈમ્પેકટ અને ઈંગ્લિશ (ગૌણ) (એફ.વાય.બી.એ.) નું નવું જોડાણ મેળવવા માટે પ્રસ્તુત કોલેજના આચાર્યશ્રીએ તેમના તા.૧૬–૬–૨૦૦૩ ના પત્રાંક:જોડાણ/૨૦૦૩–૦૪/૬૭ સાથે યુનિવર્સિટી કાર્યાલયને મોકલેલ જોડાણઅરજી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત કોલેજની શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી ઈમ્પેકટ અને ઈંગ્લિશ(ગૌણ) (એફ.વાય.બી.એ.) વિષયોનું વધારાનું જોડાણ મેળવવા માટેની અરજીના સંદર્ભમાં સ્થાનિક તપાસસમિતિ પર નીચેના સભ્યોની નિમણૂક કરવી.

૧. આ.શ્રી.જી.પી.સનાઢય

૨. ડૉ.દક્ષાબેન વામદત્ત

૩. શ્રી દિપક નાયક (બારડોલી)

(૨૦) અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત ધ્વારા જકાતનાકા પાસે, જહાંગીરપુરા, સુરત મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી શિક્ષણ વિદ્યાશાખાની સ્વનિર્ભર વિવેકાનંદ કોલેજ ઓફ બી.એડ. નું નવું જોડાણ મેળવવા માટેની જોડાણઅરજીના સંદર્ભમાં, સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ એકેડેમિક કાઉન્સિલવતી કુલપતિશ્રીએ કરેલ નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

**<u>એ`ડેમિ ।ઉન્સિલ વતી ુલપતિશ્રીએ રેલ ભલામણઃ</u>**

અભિનવ એજ્યુકેશન ટ્રસ્ટ, સુરત ધ્વારા જકાતનાકા પાસે, જહાંગીરપુરા, સુરત મુકામે શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી સ્વનિર્ભર વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ. શરૂ કરવા પ્રસ્તુત ટ્રસ્ટ ધ્વારા યુનિવર્સિટીને મોકલેલ જોડાણઅરજીનાં સંદર્ભમાં સિન્ડિકેટે, નિયુકત કરેલ સ્થાનિક તપાસસમિતિના અહેવાલ ઉપર એકેડમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ મંજૂર કરેલ નીચેની શરતોને આધીન સદરહુ કોલેજને શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ માટે એટલે એક વર્ષ માટે જોડાણ આપવા સિન્ડિકેટને ભલામણ કરે છે:

**<u>શરતોઃ</u>**

(૧) યુનિ.ના નીતિ–નિયમો મુજબ શૈક્ષણિક/વહીવટી કર્મચારીઓની નિયુકિત ટ્રસ્ટ કરે. યુ.જી.સી. ના ધારાધોરણો પ્રમાણે પગારની ચૂકવણી કરવામાં આવે.

(૨) એન.સી.ટી.ઈ.ના જરૂરી પરવાનગી મેળવી ટ્રસ્ટ યુનિવર્સિટીને જાણ કરે.

(૩) બે વર્ષમાં બી.એડ. કોલેજ માટે અલાયદું મકાત તૈયાર કરી શીફટ કરે.

(૪) ઓર્ડિ. ૬૯(એ)(બી) નું યથાર્થ પાલન કરવાની તથા ખોટ જાય તો તે ભરપાઈ કરવાની લેખિત ખાતરી આપે.

(૫) સુરત શહેરની બહારના વિદ્યાર્થીઓ (જેમને જરૂરીયાત છે એવા) માટે યુનિ. ના ધારાધોરણ મુજબની ફી –લઈ હોસ્ટેલની સુવિધાની સવગડ ટ્રસ્ટ કરે.

(૬) એન.સી.ટી.ઈ. ની રાજય સરકારની જરૂરી મંજૂરી મેળવવામાં આવે.

(૭) યુનિવર્સિટીના ધારા ધોરણ પ્રમાણે કેન્દ્રિય પ્રવેશ પધ્ધતિ ધ્વારા જ પ્રવેશ અપાશે.

(૮) સરકારશ્રી અને યુનિવર્સિટી માન્ય નિર્ધારીત ફી પ્રમાણે વિદ્યાર્થીઓ પાસેથી ફી ચાર્જ કરવી.

:: આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલ વતી કુલપતિશ્રીએ કરેલ ભલામણ યથાવત સ્વીકારવી અને શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ એટલે કે એક વર્ષ માટેનું નવું જોડાણ આપવા રાજય સરકારને ભલામણ કરવી.

**કુલપતિશ્રીના પગલાંની નોંધ લેવા બાબત.**

(૨૧) યુનિવર્સિટીના ફિઝિકસ વિભાગનાં પ્રો.એન્ડ હેડ, ડૉ.પી.એચ.ટેલ્લ, તા.૧૪–૬–૨૦૦૩ નાં રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા હોવાથી તેમની જગ્યાએ તે વિભાગના રીડર ડૉ.વી.એ.મંગોલીને કલમ ૧૧(૪) હેઠળ Off.Head બનાવ્યાની મંજૂરી આપવાના કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

(૨૨) યુનિવર્સિટીના DRIMSSS વિભાગનાં પ્રો.એન્ડ હેડ, ડૉ.વાય.એસ.પુરોહિત, તા.૧૪–૬–૨૦૦૩ નાં રોજ વયમર્યાદાના કારણે નિવૃત્ત થયા હોવાથી તેમની જગ્યાએ તે વિભાગના રીડર ડૉ.ડી.જી. ઠાકોરને કલમ ૧૧(૪) હેઠળ Off.Head બનાવ્યાની મંજૂરી આપવાના કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

(૨૩) યુનિવર્સિટીનાં ૩૪ માં વાર્ષિક પદવીદાન સમારંભમાં માનનીય રાષ્ટ્રપ્રમુખશ્રી આવનાર હોવાથી, સમયમર્યાદામાં આમંત્રણ કાર્ડનું છાપકામ કરવાનું હોવાથી કુલપતિશ્રીનાં વિશેષ અધિકાર 11(4) અન્વયે મંજૂરી આપવાના કુલપતિશ્રીનાં પગલાંની નોંધ લેવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, કુલપતિશ્રીના ઉપરોકત પગલાંની નોંધ લેવી.

**જાણ સારૂ.**

(૨૪) યુનિવર્સિટી સંલગ્ન એમ.કે.લૉ કોલેજ, ભરૂચનાં તૃતીય વર્ષ એલ.એલ.બી.નાં વિદ્યાર્થી શ્રી યોગેશભાઈ ગોવિંદભાઈ પટેલને યુનિવર્સિટીની વાર્ષિક પરીક્ષા આપવા અંગે વિવાદ થતાં તેઓએ યુનિવર્સિટીની એલ.એલ.બી.ની વાર્ષિક પરીક્ષા મોકુફ રાખવા અંગે ભરૂચની સિવિલ કોર્ટમાં રે.દિ.સુ. નં.૧૭૮/૨૦૦૩ માંડ્યો હતો. પ્રસ્તુત દાવો વાદીએ પાછો ખેંચી લીધો છે. તેની જાણ થવા સારૂ. **(લીગલસેલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોકત પગલાંની જાણ લેવી.

(૨૫) સ્ટાફ અંગેની તા.૧૯–૫–૨૦૦૩ ની સભાની ભલામણને સિન્ડિકેટે તેની તા.૨૧–૫–૨૦૦૩ની સભાના ઠરાવ ક્રમાંક:(૨૩) અન્વયે નીચે મુજબ ઠરાવ્યું છે.

"યુનિવર્સિટીનાં સામાન્ય વહીવટની જરૂરિયાત માટે જ્યારે સ્ટાફની નિમણૂક કરવાની થાય, ત્યારે તેવી નિમણૂક શરૂઆતમાં ૯ માસ માટે હંગામી ધોરણે કરાર આધારિત નિમણૂક આપવી તથા આ માટે તેઓને નીચે જણાવ્યા મુજબનો બાંધ્યો પગાર ચૂકવવો."

| ક્રમ | જગ્યાનું નામ | પ્રતિમાસ પગાર |
|---|---|---|
| ૧. | હેડકલાર્ક/એકાઉન્ટન્ટ | રૂા.૩૫૦૦/– |
| ૨. | જુનિયર કલાર્ક/ટાઈપીસ્ટ | રૂા. ૨૫૦૦/– |
| ૩. | લાયબ્રેરી આસીસ્ટન્ટ | રૂા.૨૫૦૦/– |
| ૪. | પટાવાળા | રૂા.૨૦૦૦/– |

જ્યારે ગુજરાત સરકારનાં તા.૨૩ જાન્યુઆરી, ૨૦૦૩ નાં "નોટિફિકેશન" પ્રમાણે નીચે પ્રમાણે દર જણાવ્યા છે.

| ક્રમ | જગ્યાનું નામ | દૈનિક રોજ પ્રમાણે |
|---|---|---|
| ૧. | **હેડકલાર્ક/એકાઉન્ટન્ટ** | રૂા.૯૯.૪૦/– |
| ૨. | જુનિયર કલાર્ક/ટાઈપિસ્ટ/ લાઈબ્રેરી આસિસ્ટંટ | રૂા.૯૭.૪૦/– |
| ૩. | પટાવાળા | રૂા.૯૩.૪૦/– |

આ સંદર્ભમાં સિન્ડિકેટના ઉપરોક્ત ઠરાવ અંગે પુનઃવિચારણા કરવા બાબત. **(વહીવટી)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સામાન્ય વહીવટી જરૂરિયાત માટે જ્યારે સ્ટાફની નિમણૂક કરવાની થાય, ત્યારે તેવી નિમણૂક શરૂઆતમાં ૯ માસ માટે હંગામી ધોરણે કરાર આધારિત નિમણૂક આપવી તથા આ માટે તેઓને નીચે જણાવ્યા પગાર ચૂકવવો:

| ક્રમ | જગ્યાનું નામ | પ્રતિમાસ પગાર |
|---|---|---|
| ૧. | હેડકલાર્ક/એકાઉન્ટન્ટ | રૂા.૪૦૦૦/– |
| ૨. | જુનિયર કલાર્ક/ટાઈપીસ્ટ | રૂા. ૩૦૦૦/– |
| ૩. | લાયબ્રેરી આસીસ્ટન્ટ | રૂા.૩૦૦૦/– |
| ૪. | પટાવાળા | રૂા.૨૫૦૦/– |

(૨૬) સમાજસેવા મહાવિદ્યાલય, ગાંધી વિદ્યાપીઠ, વેડછીનું બી.આર.એસ.નું શૈક્ષણિક વર્ષ ૨૦૦૨–૨૦૦૩ થી જોડાણ મેળવવા માટેની જોડાણ અરજીના સંદર્ભમાં સિન્ડિકેટે, તેની

તા.૩–૧૦–૨૦૦૨ના રોજ મળેલ સભામાં નવું જોડાણ આપવા રાજ્ય સરકારને ભલામણ કરવાનું ઠરાવ્યાનુસાર પ્રસ્તુત ઠરાવની જાણ સદરહું સંસ્થાને કરતાં પ્રસ્તુત મહાવિદ્યાલયના ઈનચાર્જ આચાર્યશ્રીએ તેમના તા.૫/૭–૫–૨૦૦૩ના પત્રાંક:૨૦૦૩–૨૦૦૪/૨૧/ થી પ્રસ્તુત જોડાણ તા.૧૫–૬–૨૦૦૨ થી તા.૧૪–૬–૨૦૦૩ દરમ્યાન શરૂ કરી શકયા ન હોઈ, જેથી તા.૧૫–૬–૨૦૦૩ થી તા.૧૪–૬–૨૦૦૪ થી શરૂ કરવા કરેલ વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. **(સિન્ડિકેટ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, સમાજસેવા મહાવિદ્યાલય, ગાંધી વિદ્યાપીઠ વેડછીને બી.આર.એસ.નું જોડાણ મેળવવા માટે વિધિવત જોડાણઅરજી કરવા જણાવવું.

(૨૭) એમ.એસસી(ટેક) ઈન ઈન્સ્ટ્રુમેન્ટેશન બે વર્ષનો સ્વનિર્ભર ઈવનીંગનો અભ્યાસક્રમ શૈક્ષણિક વર્ષ ૨૦૦૩–૨૦૦૪ થી શરૂ કરવા અંગે યુનિવર્સિટીના યુસિક વિભાગના વડાશ્રી પ્રો.જે.પી.પટેલ તરફથી તેમના તા.૨–૬–૨૦૦૩ ના પત્રથી મળેલ દરખાસ્ત પર વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી(ટેક) ઈન ઈન્સ્ટ્રુમેન્ટેશનનો બે વર્ષનો સ્વનિર્ભર ઈવનીંગ અભ્યાસક્રમ શરૂ કરવા માટેની દરખાસ્ત જે તે વિદ્યાશાખાને વિચારણા કરવા માટે રજૂ કરવી.

(૨૮) યુનિવર્સિટીના સોસીયોલોજીના ડૉ.સગુના પાથીના માર્ગદર્શન હેઠળ અરૂન્ધતી મોહંતી પીએચ.ડીના સંશોધનકર્તા તરીકે સદર નામે રજીસ્ટર્ડ થયેલા હતા. તેમના લગ્ન બાદ શ્રીમતી અરૂન્ધતી પટનાયક એ મુજબ નામમાં ફેરફાર થયેલ તેમણે પીએચ.ડી. થીસીસ પણ લગ્ન બાદના નામથી રજૂ કરેલ અને વાઈવા રીપોર્ટ પણ તેજ નામ હોઈ પીએચ.ડી. પદવી શ્રીમતી અરૂન્ધતી પટનાયક ના નામે એવોર્ડ કરવા અંગે વિચારણા કરવા બાબત. **(અનુસ્નાતક)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, અરૂન્ધતી મોહંતીના નામમાં લગ્ન બાદ શ્રીમતી અરૂન્ધતી પટનાયક થયેલ છે જેથી શ્રીમતી અરૂન્ધતી પટનાયકના નામે પી.એચડી. પદવી ખાસ કેસ તરીકે એનાયત કરવી.

**<u>અધ્યક્ષશ્રીની મંજૂરીથી નીચેની બાબત રજૂ થઈ હતી.</u>**

(૨૯) યુ.જી.સી.ના અંડર સેક્રેટરીશ્રી નારાયણ સિંધના તા.૯–૩–૨૦૦૨ના ડી.ઓ. લેટર નંબર એફ–૩–૧/૯૭(પીએસ) ની ગાઈડલાઈન ઉપર વિચારણા કરવા બાબત. **(જનરલ)**

:: આથી ઠરાવવામાં આવે છે કે, યુ.જી.સી.ના અંડર સેક્રેટરીશ્રી નારાયણ સિંધના તા.૯–૩–૨૦૦૨ના ડી.ઓ. લેટર નંબર એફ–૩–૧/૯૭(પીએસ) અનુસાર ૬૨ વર્ષ વટાવી ગયેલા નિવૃત શિક્ષકને સ્ટેટયૂટરી/નોન–સ્ટેટયૂટરી જગ્યા પર નિમણૂક કરવી નહીં અને આ અંગેની જાણ સંબંધકર્તા તમામને પરિપત્રિત કરવી.

યુનિવર્સિટી કાર્યાલય

સુરત. તા:૨૩–૭–૨૦૦૩ ઈ.ચા.કુલસચિવ

ક્રમાંક : એસ–૧(૧)/૬૨૯૫ તા:૨૩–૭–૨૦૦૩

પ્રતિ,

સિન્ડિકેટ ના સર્વ સભ્યશ્રીઓ............